સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ગુન્હાઓ પ્રત્યે એનું વલણ મુલાયમ હોય છે,
ગુન્હેગારો તરફ રવૈયો મુલાયમ હોય છે,
રાખે નાતો 'મુલાયમ' જેલમાં પણ એમનાથી -
લઘુમતિ ની પડખે સદા 'મુલાયમ' હોય છે..
(બળાત્કારીઓના બચાવમાં)

હાઈકુ

તારી બેડલી
ડૂબવા નહીં દઉં
- જશોદા રાણી..
(પાપ તારાં પ્રકાશ..)
- ઉપડ્યાં યાત્રાએ

હોવાં જોઇએ
થ્રી ડી, પારદર્શક
ચરિત્ર પણ..
(નેતાઓ અને નેતૃત્વ)

ચિંતન

નિન્દન્તુ નીતિ નિપુણા યદિ વા સ્તુવન્તુ લક્ષ્મીઃ સમાવિશતુ ગચ્છતુ વા યથેષ્ટમ્ ।
અદ્યૈવ વા મરણ મસ્તુ યુગાન્તરે વા ન્યાયાત્ પથઃ પ્રવિચલન્તિ પદં ન ધીરાઃ ॥

ભતૃહરિના નીતિ શતકનો આ શ્લોક છે :

આ શ્લોકનો ધ્વનિ છે કે - પરિસ્થિતિ ગમે તેવી પલ્ટા લેતી રહે, મુશ્કેલીઓ આવે કે જાય, પરંતુ ધીરજવાન પુરૂષો કદાપિ નીતિ-ન્યાયનાં માર્ગ પરથી વિચલિત થતા નથી. અર્થ :-

'નીતિ પૂર્ણ લોકો નિંદા કરે કે પ્રશંસા, લક્ષ્મી ધન પૈસો આવે કે જાય, અને મૃત્યુ પણ આજ આવે કે યુગ પછી - પરંતુ ધીર પુરૂષો કોઇ પણ સંજોગોમાં ન્યાય-નીતિ-ધર્મના માર્ગ પરથી એક ડગલું પણ ડગતા નથી. અર્થાત્ નીતિમય રસ્તાનો કદાપિ ત્યાગ કરતા નથી. સંજોગો સામે હારી જતા નથી વીરતા પૂર્વક લડે છે.'

કેજરીવાલ એકલ વીર યુદ્ધાની જેમ બે મહાન દુશ્મન પક્ષો સામે વીરતાપૂર્વક ઝઝૂમ્યા અને જિત્યા. આજે પણ મિડિયા-અને સત્તા દ્વારા તેમને ઠંફાવવાના કેટલાય કાવાદાવા ખેલવામાં આવે છે પણ નીતિવાન માણસ કદાપિ પોતાના માર્ગ પરથી એક પણ ડગલું પીછેહઠ કરતો નથી કે ડગતો નથી.

સુવિચાર

- રુકના ગતિ કા નિયમ નહીં, તુમ ચલતે જાના ભાઇ, બુઝના પ્રાણોંકા નિયમ નહીં, તુમ જલતે જાના ભાઇ *- નિદા ફાઝલી*
- કર્મરત રહેવું પોતે જ એક પ્રકારની કાયમાબી છે *- એસ. ભટ્ટાચાર્ય*
- અંધારા ઇશ્વર સર્જીત નથી, માણસના અજ્ઞાન સર્જીત છે, અંધારા દૂર કરવાની જવાબદારી માણસની પોતાની જ છે. ઇશ્વર કદી આપણને અંધારામાં રાખતો જ નથી, આપણે ઇશ્વરને અંધારામાં રાખીએ છીએ *- ધર્મસૂત્ર*
- સભ્યતા તો ગતિ છે, સ્થિતિ નથી, એ યાત્રા છે, બંદર નથી, સભ્યતામાં સમર્પણ ભળે એટલે સંસ્કૃતિ બને *- રાજચંદ્ર*
- જે બીજાને પોતાના જેવો જુએ છે તેનું નામ ઇન્સાન, અને જે બીજાને પોતાના જેવા જોતો નથી તેનું નામ હેવાન *- જૈનસૂત્ર*
- વાળ સફેદ થતાં પહેલાં આપણો આત્મા સફેદ થઇ જાય છે, વ્યક્તિનો જીવન પ્રત્યેનો નિરસ અને હતાશભર્યા દૃષ્ટિકોણ જ આત્માની સફેદી છે *- ફાધર વર્ગીસ*
- ઇશ્વર કણકણમાં વસે છે તો પછી એના કર્તવ્યનું ભાવ કરાવવાની વણસોંપી ફરજ તમે શું કામ બજાવો છો? ખેતરમાં નાંખેલા બીજમાંથી છોડ થઇ દાણા પાકવાનો વખત થવાની તમારે ઇશ્વરને યાદ અપાવવી પડે છે ખરી?? *- ભક્તિસૂત્ર*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

સાચી મૈત્રી-સંબંધોમાં આપ-લેના લેખાં-જોખાં કે ઉંચ-નીચના સ્તર નથી હોતા. આર્થિક બાબતોનો તફાવત પણ એને અડતો નથી. શુદ્ધ-વિશુદ્ધ નિઃસ્વાર્થ હૃદયનો ભાવ હોય તો જ મૈત્રી-પ્રેમ-સંબંધો કાયમી રીતે ટકે છે..

લંડનમાં-નાનપણની પ્રાથમિક શાળાથી કરી, ઓક્સફોર્ડ યુનિવર્સિટીથી અભ્યાસમાં સાથે ન સાથે એવા બે મિત્રો હતા. એકનું નામ કર્ઝન અને બીજાનું નામ ફ્રેડરીક હતું.

ફ્રેડરીક અભ્યાસમાં અને આર્થિક રીતે પણ કર્ઝન કરતાં થોડો ઉતરતો હતો પણ તેમની મૈત્રીને આ બાધાઓ ક્યારે ય બાધારૂપ બની નો'તી. અભ્યાસ પૂર્ણ થયો.

ફ્રેડરીકે ભારતમાં પૂના યુનિવર્સિટીમાં પ્રોફેસરની નોકરી સ્વીકારી અને કર્ઝન ઇંગ્લેન્ડમાં જ સરકારી નોકરીમાં જોડાઇ ગયો. વર્ષો વીત્યાં.

કર્ઝન લોર્ડ થઇ ગયો અને વાઇસરોય થઇ ગયો. એકવાર તેની મુલાકાત પૂનામાં ગોઠવાઇ. એણે નક્કી કર્યું આજે વર્ષો પછી મિત્ર ફ્રેડરીકને મળીશ. યુનિ.માં ગયો ત્યારે ખબર પડી ફ્રેડરીક આજે એક દિવસની રજા પર હતા.

શરનામું લઇ કર્ઝન એને ઘેર ગયા. બંને ભેટ્યા. ફ્રેડરીકે અશ્રુ સાથે કહ્યું, આજે હું ઇરાદાપૂર્વક રજા પર હતો વિચાર્યું તું 'લોર્ડ' થયા પછી મને મળવા આવીશ કે કેમ? - લોર્ડ કર્ઝન શુદ્ધ મૈત્રીમાં પાસ થયા.

Email - sureshchandrabhatt18@gmail.com

અસ્તિત્વ માટે ઝઝૂમતી સંવેદનાત્મક વાર્તાઓ

શબ્દ સમીપે
- નટવર હેડાઉ

આપણે ત્યાં ગુજરાતી સાહિત્યમાં પ્રગટ થતાં પુસ્તકોના વિમોચન કે પ્રસ્તાવના બાબતમાં એવી પરંપરા ચાલી આવે છે કે પુસ્તકનું વિમોચન કોઇ લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર આથવા સામાજિક કે રાજકીય ક્ષેત્રે વિશિષ્ટ ગણાતા પ્રતિષ્ઠિત મહાનુભાવો દ્વારા કરવામાં આવે છે. જ્યારે અંગ્રેજી સાહિત્યના લેખકો કે કવિઓ પોતાના પુસ્તકનું વિમોચન પોતે જ કરતા હોય તેવું ઘણી જગ્યાએ જોવામાં આવ્યું છે. એ જ રીતે પ્રસ્તાવના બીજા સાહિત્યકાર પાસે લખાવવાની એક પરંપરા ચાલી આવે છે પણ આવી પરંપરાઓમાં ભેલાણ કરીને વાર્તા વિશે લેખક પોતે જ પોતાના ઉમળકો દાખવતો હોય તેવી ઘટનાઓ પણ બનવા લાગી છે.

હાં, આજે મારે તમને તાજેતરમાં જ પ્રગટ થયેલાં દલિત સમાજના લેખક દલપત ચૌહાણના વાર્તા સંગ્રહ 'ભેલાણ'ની વાત કરવી છે. વાર્તા લેખનમાં ચોક્કસ પ્રકારની પ્રતિબદ્ધતા એટલે દલિત પ્રતિબદ્ધતાનો લોખકે સ્વીકાર કર્યો છે. તે અંગે પોતાના વિચારોને સ્પષ્ટ કરતાં લેખક એવું મંતવ્ય વ્યક્ત કરે છે કે 'દલિત સાહિત્ય જગતમાં વિહાર કરીએ એટલે શું દલિત સંવેદના સિવાયની અન્ય સંવેદનાઓ, ભાવજગત મોળું પડી જાય? ના એવું નથી. ઉલટાનું સમગ્ર ભાવજગત ઉભરાઇ સામે આવે છે. મનને ઢંઢોળે છે. ખંખોળિયું કરાવે છે. એમાં જ તો માનવ જીવનની સાર્થકતા છુપાઇ છે. માનવમન એક ઝબકારામાં પળને વિસ્તારે પાડી અન્યમાં પરોવાઇ જાય છે. બસ એ ઝબકારની પળ સાથે કામ પાડવું પડે છે. ક્યારેક તો દલિત ઘટનામાં માનવીય સંવેદના અને ક્યારેક સામાન્ય ઘટનામાં દલિત સંવેદના ઝબકી જાય છે. તેને શું બાદ કરી શકાય? એને સમજાવવા કોઇ નવા શબ્દનો આવિષ્કાર નથી કરી શકાતો. પળ તો એની તમામ લાક્ષણિકતાઓ લઇને હાજર થઇ જાય, એને સ્વીકારવી જ વાર્તાનો ઉપકારક નીવડે છે. વાર્તાની ગતિ એની ઘટના સાથે સાર્થકતા પામે છે. શબ્દ વડે ઘટનાને સમજી શકાય છે.'



ભેલાણ વાર્તાસંગ્રહમાંથી પસાર થતાં આપણને કુલ-૧૬ વાર્તાઓ મળે છે. આ કથાઓ માનવમનમાં અતબમાં ડુબી શકી નથી એવું લેખકને લાગે છે તેમ છતાં સમાજના જે દલિત - અદલિત ભાગ પડેલા છે. તે સમાજ વચ્ચે દુન્યવી સંબંધો, આર્થિક, સામાજિક, ધાર્મિક સરવાળા બાદબાકી છે તેને સુપેરે આલેખિત કરે છે એને જાતિવાદી તારણોની વરવી ભૂમિકાને તાદૃશ્ય કરે છે. વાર્તા રચના એ ફક્ત માનવમનની તરંગ લંબાઇ કે ભીંતરી ભાવ જગત સાથે જોડાયેલી છે. એવું માનવું ભૂલ ભરેલું છે. સમાજ ભાષા-સ્થળ-કાળ, પરિવેશ અને સર્વમાંથી ઉપજતી વ્યંજના વાર્તા પોતને ઘટ્ટ બનાવે છે. તેથી ફક્ત સંવેદનથી જ વાર્તા બંને તેવું આ અનુ-આધુનિક સમયમાં યોગ્ય ઠરતું નથી.

'ભેલાણ' વાર્તાસંગ્રહની પહેલી વાર્તા 'ગાંઠ' નો વાર્તા નાયક કાનો, સહનાયક સજ્જનસિંહ એ પ્રછન્ન નાયક પુંજા દાદા છે. વાર્તા ક્ષણ ભલે કાનાના મુખે ઉજાગર થતી હોય પણ ખરી ક્ષણ તો પુંજા દાદાએ ક્યારનીય ચોરી લીધી છે. કથાનો દોર તેમના હાથમાં હોવા છતાં તે સાવ અલિપ્ત છે. એટલે જ કથા યુદ્ધની હોવા છતાં યુદ્ધની નથી. ઘમસાણ થાય છે. મનમાં, પ્રત્યક્ષ કશું નથી. જેમ વાર્તા વાગોળીએ તેમ અર્થ ઘૂંટાતા આવે છે.

વાર્તાસંગ્રહનું શિર્ષક જેના પરથી આપવામાં આવ્યું છે તે 'ભેલાણ' ની કથાનો નાયક સવારમાં ખેતરે જતો સામે મળે છે. વર્ષો નહીં યુગો પછી નાથાના ભાગમાં બે વીઘાનું નાનું ખેતર આવ્યું છે. જેમની મહેરબાનીથી મળ્યું છે એ જ એમના વેરી. મુખી અને મળતીયાઓ એના ખેતરનું ભેલાણ કરે છે, એનો બદલો લેવો છે... પણ કેવો બદલો? સમાજની એક સામે એક નવું સમીકરમ મૂકવાનો લેખકે પ્રયત્ન કર્યો છે.

'ટોડલો' વાર્તામાં ધર્મ દ્વારા ગોઠવાયેલ સમાજવ્યવસ્થાને લીધે ઉદ્ભવતી માનવકથા કહેવાઇ છે. હરિભાઇ કથા નાયક છે. તેને બાળપણમાં અસ્પૃશ્ય જીવન મળ્યું છે. તે જીવન તેમના કેન્દ્ર સરકારમાં મંત્રી થવા છતાં પીડે છે. હવે લોકો તેમને અસ્પૃશ્ય ગણતા નથી તો ય મંત્રી ને હીન ભાવનામાંથી પોતાને બહાર લાવી શકતા નથી. જેના મનમાં એકવાર આ સ્થિતિએ જન્મ લીધો - એ સ્થિતિ વિકરાળતા ને ક્યારેક ગુમાવતી નથી. આ જન્મ પીડે છે.

'કાંધિયો' કથામાં દલિત સમાજની અજબ વિડંબના છે. ગોર શહેરમાં જતા રેલ્વે સ્ટેશનને હૃદય બંધ પડવાથી મૃત્યુ પામે છે. ગામવાળા તેમનું સ્ટ્રેચર પકડવા તૈયાર નથી કારણ કે લાશ ને અડકવાથી સૂતક લાગે અને બ્રાહ્મણની લાશને અડવાથી પાપ લાગે. ત્રણ જતા સ્ટ્રેચર પકડે છે. ચોથાં ગામનો જીવો ઓરગણો દયા પ્રેરિત સ્ટ્રેચરનો કાંધિયો બંને છે. જે સવારે જ તેમના આંગણેથી મરેલું કૂતરું ખેંચી ગયેલો. જીવાને ઘરમ કરતાં ઘાડ પડવાનો ઘાટ થાય છે. એ સ્ટ્રેચરને છોડી શકતો નથી માનવતા તેને રોકે છે. પણ મનમાં સવારે કૂતરું તાણી ગયેલો તેવો ભાવ તેને સંકોરે છે. જાણે તે ગોર નહીં કૂતરું તાણતો હોય એવું લાગે છે. એ જ તો કથાનો ચમત્કાર છે અને કહેવાના સંસ્દ્ત સમાજની શરણ પણ છે.

'કાળકામાની જે' વાર્તા દલિતોમાં જાગૃત થયેલ ઉદાત્ત માનવીય ગૌરવની કથા લઇને આવે છે. તેઓમાં સ્વમાનની જે ભાવનાઓ વિકસતી ગઇ છે અને પ્રતિકાર માટે કેવા રૂપાળાં પ્રતિકો શોધી કાઢે છે તે અહીં દેખાઇ આવે છે. સ્વમાન જાળવી સન્માન મેળવવી સહેલું નથી. તેના માટે માથા સાથે માન મેળવવાનું છે. કથામાં ક્યાંક યુદ્ધનો લલકાર નથી પણ ભણકાર જરૂર છે.

'દરસન' વાર્તામાં ઇશ્વર અને પૈસા વચ્ચેનો વિચિત્ર ગજગ્રહ છે. ગામના મંદિરમાં ગામની દલિત સ્ત્રીઓ દર્શન કરવા પહોંચી જાય છે. સ્ત્રીઓ પૂજાની થાળીમાં દસ-પાંચ રૂપિયાની નોટો મૂકે છે. મંદિરના પરસાળમાં બેઠેલ સિત્તેર વર્ષનો ભાભો સ્ત્રીઓને આછી ઓળખે છે. પૂજારી ઓળખ મેળવવા પાછળ જાય છે. પણ બીજા વાસમાં જઇ પરસ આવી ભાભાને ઉંમરનો ઉપાલંભ આપી ઠપકો આપે છે કારણ કે એનું મન તો પેલી મળેલી દક્ષિણામાં અટવાયું છે.

'અફ્વા' નામની વાર્તા આપણને એક પ્રેમકથા કહે છે. કથામાં જે કાંઇ ઘટના બને છે તે કહેવાયા પછી પણ કથાનું પુનરાવર્તન થાય છે. અથવા પુનરાવર્તન થશે તેવો આશા બોધ અથડાય-પડઘાય છે.

'પાવૈયા' વાર્તા રેલ્લાંને ખસી કરતાં દલિતના મનોમનંથન સાથે જોડાયેલી છે. બળદનું ખસી થવું અને પુરૂષનું ખસી થવું પાવૈયા થવું - એ બે ઘટનાઓને સામસામે મૂકીને કથા નાયકના ચરિત્રને ઉજાગર કરવાનો પ્રયત્ન થયો છે.

'ઇન્સ્પેક્શન' વાર્તામાં ગામડાની શાળામાં સ્વબળે ભણીને તૈયાર થયેલી દલિત સમાજના હેડ માસ્ટર છે. તેના 'ઇન્સ્પેક્શન' માટે અદલિત ડેપ્યુટી આવે છે. જેના પિતા ગાંધીવાદી હતા. તે આભડછેટમાં નહોતા માનતા છતાં મૂળ ગગથૂથીમાં પિવડાવાયેલ સંસ્કાર ઉચ્ચ વિચારો પર હાવી થઇ જાય છે અને તેમની સામે પાણીનો પ્યાલો ધરાતાં 'નિર્જલા એકાદળી' ના નામે પાણીનો અસ્વીકાર કરે છે ત્યારે ગાંધી મૂલ્યની વાતો કેવી હાસ્યાસ્પદ છે તે વાતની પ્રતીતિ થાય છે.

'બેટ' એક એવી જાતિની કથા છે જે ગુનેગાર ગણાયેલ છે. તેના વસવાટ આજે ય જુદા છે. તે વિસ્તારને હંમેશા શંકાની નજરથી જોવામાં આવે છે. તેમાં છોકરાઓ પોતાના વિસ્તારમાં ક્રિકેટ રમતાં હોય છે અને ભુલથી ક્રિકેટનાં બોલ રોડ પરથી પસાર થતાં ઇન્સ્પેક્ટરના માથા ઉપરથી પસાર થઇ જાય છે. ઇન્સ્પેક્ટર બેટ પડાવી લે છે. બેટ પાછું મેળવવા છોકરાઓ નેતાનો સહાલો લે છે ત્યારે ઇન્સ્પેક્ટર કેટલીક શરતો મુકે છે. છોકરાઓનું સ્વમાન જાગે છે. તે વગર ગુને સજા ભોગવવા તૈયાર નથી. ઇન્સ્પેક્ટરની કહેવાતી ગુનેગાર કોમ પ્રત્યેની વિચારવાની રીત આઝાદીના સાઠ વર્ષો પછી પણ બદલાઇ નથી તેની વાચકને પ્રતીતિ થાય છે.

'ભ્રમણા' વાર્તા નોકરીમાંથી નિવૃત્તિ પામેલ કર્મચારીની મનોવ્યથા છે. નિવૃત્તિ પછી આવનારી વિટંબણાઓને તે તાદૃશ્ય જૂએ છે. ઘરમાં હવે તેમની કિંમત એકાએક ઘટી ગઇ છે અને પોતે સાવ એક નગણ્ય થઇ ગયા છે એનું નિરૂપણ અહીં થયેલ છે.

'સાહેબની થેલી' વાર્તામાં સરકારી અધિકારી દ્વારા કર્મચારીઓ પાસે કરાવાતા અંગત જેમાં ભાણીને મુકવા જતા બે કર્મચારીઓ દવે અને ભાવસારથી સાહેબે ખાસ ભલામણ કરી ને ભળાવેલી 'લાલ થેલી' ખોવાઇ જતાં તેમના જે હાલ હવાલ થાય છે. તેમાથી વાચકને રમૂજ પડે તેવું છે પણ નાની અમથી વાતમાં પણ કર્મચારીની માથે લટકતી બદલીની તલવાર અંતે બંને પર ઝીકાય છે ત્યારે પટાવાળો ટ્રાન્ઝિટ રજીસ્ટર દબાવી છટકી જાય છે અને વાર્તાનો અંત આવે છે. વાર્તાની દૃષ્ટિએ નબળી લાગે પણ લેખકે મોજ ખાતર લખેક વાર્તા વાચકને ખુશ કરી દેવામાં સક્ષમ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

બાબાસાહેબ આજે પણ 'દલિતોના મસીહા' જરૂર ગણાય, એમનો જન્મદિવસ ૧૪ એપ્રિલ આવે ત્યારે એમને પોતીકા ગણવાની કોશિશમાં તમામ રાજકીય પક્ષ રીતસર ખેંચતાણમાં પડે છે

ઇતિહાસ પુરુષ બાબાસાહેબ આંબેડકર
- હરિ દેસાઈ

(સોમવાર, ૧૪ એપ્રિલ ૨૦૧૪ના રોજ ભારતીય બંધારણ ઘડનારી સમિતિના અધ્યક્ષ ડો. બાબાસાહેબ આંબેડકરના જન્મદિન નિમિત્તે)

રાષ્ટ્રનેતા ડો. બાબાસાહેબ આંબેડકરના માધ્યમથી રાજકીય લાભ ખાટવાની કોશિશમાં તમામ રાજકીય પક્ષો રહે છે. પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે, આંબેડકર ખરેખર કોના ગણાય? મહાત્મા ગાંધીના આગ્રહથી સ્વતંત્રતા પછીની પ્રથમ નેહરુ કેબિનેટમાં બિનકોંગ્રેસી એવા પાંચ પ્રધાન હતા. હિન્દુ મહાસભાના ડો. શ્યામપ્રસાદ મુખરજી અને ડિપ્રેસ્ડ ક્લાસના ડો. આંબેડકરનો એમાં સમાવેશ થતો હતો. બંધારણસભામાં બંધારણ ઘડનારી સમિતિના અધ્યક્ષ તરીકે પણ ડો. આંબેડકરનું યોગદાન બેનમૂન હતું. નેહરુ સરકારમાંથી ફારેગ થયા પછી બાબાસાહેબ રિપબ્લિકન પાર્ટી સ્થાપવા ઉત્સુક હતા. એમના જીવતાં એ શક્ય ના બન્યું.

૧૯૫૬માં ડિસેમ્બરમાં એમણે 'હિન્દુ તરીકે જન્મ્યો છું, પણ હિન્દુ તરીકે મરીશ નહીં' એ કલ્પનાની પૂર્તિ કરતાં બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો. એ પછી એ ઝાઝું જીવ્યા નહીં, પણ બાબાસાહેબ આજે પણ 'દલિતોના મસીહા' જરૂર ગણાય. એમનો જન્મદિવસ ૧૪ એપ્રિલ આવે ત્યારે એમને પોતીકા ગણવાની કોશિશમાં તમામ રાજકીય પક્ષ રીતસર ખેંચતાણમાં પડે છે. ખરેખર પ્રશ્ન થાય છે 'બાબાસાહેબ ક્યા પક્ષના ગણાય?' બધા રાજકીય પક્ષો એમને વટાવવાની કોશિશ કરે છે, સમજ્યા વિના. વાંચ્યાં વિના. બાબાસાહેબના વિચારો જાણ્યા વિના. માત્ર 'જય ભીમ' કહીને રાજકારણ ખેલતા રહે છે. કોંગ્રેસ સાથે એમનો નાહવાનિચોવવાનો સંબંધ નહીં હોવા છતાં દલિત વોટ બેંક કાજે એ તેમને પોતાના ગણાવવાનો પ્રયાસ કરે છે. સંઘ-જનસંઘ-ભાજપ સામાજિક સમરસતાને નામે ડો. આંબેડકર સાથેના ઘરોબાને તાજો કરવાની કોશિશ કરે છે. કાંશીરામની સાઇકલયાત્રા થકી આરંભાયેલી બહુજન સમાજ પાર્ટીનાં માયાવતીને સત્તાની મહેલાતો સુધી પહોંચાડવામાં આંબેડકરની જ આડશ લેવાતી રહી. એમ તો જીવતે જીવ ડો. આંબેડકર જે પક્ષની સ્થાપના કરી ના શક્યા એ રિપબ્લિકન પાર્ટીની એમના અનુયાયીઓએ સ્થાપના કરી. સત્તાલાભ મળી શકે એ મુજબના સ્વાર્થી ભાગલા કરીને રાજકારણ ખેલવાનું પસંદ કર્યું. આંબેડકરને બ્રિટિશ એજન્ટ ગણાવવાના વાજપેયી સરકારમાંના વિનિવેશ પ્રધાન અરુણ શોરિના પુસ્તક સાથે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે પોતાનો સંબંધ નકારવો પડ્યો હતો. હકીકતમાં શોરિનો પ્રશ્ન હતો: આઝાદીની ચળવળમાં આંબેડકર ક્યાં હતા? આવો જ પ્રતિપ્રશ્ન કરી શકાય : 'આઝાદીની ચળવળમાં સંઘ ક્યાં હતો? સામ્યવાદીઓ ક્યાં હતા? હિન્દુ મહાસભા બ્રિટિશ એજન્ટની ભૂમિકામાં ઠરાવ કેમ પસાર કરતી હતી?' ડો. આંબેડકરને સમજવાની બાબતમાં બધાએ પેલા અંધજનની દૃષ્ટિએ હાથીના વર્ણનની ભૂમિકા અપનાવી હોય એવું લાગે છે. એમાં તો આંબેડકરને અન્યાય કરી બેસવામાં આવે છે. આંબેડકરે બંધારણ ઘડ્યું હોવા વિશે વિરોધ કરીને એને ૧૯૩૫ના કાનૂનનો ઉતારો લેખાવનારા વિદ્વાનો બંધારણસભાની વિશદ ચર્ચા ભણી આંખમીંચામણાં કરે છે. આંબેડકરને આધુનિક મનુ ગણવામાં આવે છે. જોકે તેમણે રાજકીય ક્ષેત્રમાં પરાજય સ્વીકારવાની તૈયારી રાખી હતી. પણ પોતે ઘડેલા બંધારણના આત્માનું જતન થાય એ વાત છેલ્લે સુધી જાળવવાના પક્ષધર એ રહ્યા.

માર્ચ ૧૯૨૪માં મુંબઈમાં દામોદર હોલમાં ડો. આંબેડકરનું જાહેર જીવન શરૂ થયું. બાબાસાહેબને એ વાત ન સમજાઈ કે કૂતરાં, બિલાડાં મંદિરમાં જાય, પણ દલિત કેમ ન જઈ શકે. બ્રિટિશરો દેશમાંથી વિદાય થયા પછી પેશવાઈ જ પાછી ફરવાની હોય તો એવી આઝાદીનો તેમને ખપ નહોતો. પેશવાઈમાં દલિતોની અવસ્થા એવી હતી કે જાહેર રસ્તા પર એ થૂંકી ના શકે. થૂંકવા માટે ગળામાં કુલડી બાંધવી પડતી અને એ ચાલે એ રસ્તો સાફ થઈ જાય એ માટે કમરે પાછળ સાવરણો બાંધવો પડે. આઝાદી પછી આવો યુગ આવે તો એ ડો. આંબેડકરને મંજૂર નહોતો. શોરિ 'વર્શિપિંગ ફોલ્સ ગોડ'માં બાબાસાહેબને આ જ કારણસર બ્રિટિશ એજન્ટ ગણાવવાની ગુસ્તાખી કરે છે. સંઘના સંસ્થાપક ડો. કેશવ બલિરામ હેડગેવાર કોંગ્રેસી હતા. સંઘ થકી આઝાદીની ચળવળમાં ભાગ લેવાયો નથી, પણ એમણે વ્યક્તિગત રીતે કોંગ્રેસી તરીકે જ સત્યાગ્રહમાં ભાગ લીધો છે. જેલવાસ ભોગવ્યો છે. એ વેળા સંઘનું સરસંઘચાલક પદ એમણે અન્યને હવાલે કર્યાની વાત પણ સ્પષ્ટ કરી છે. આંબેડકર થકી વિપુલ સાહિત્ય લખાયું. મહારાષ્ટ્ર સરકારે વસંત મૂનને સાહિત્યનું સંપાદન કરવાની જવાબદારી સોંપી હતી. એના અનેક ગ્રંથ પ્રકાશિત પણ થયા છે. એમાં બાબાસાહેબલિખિત 'વોટ કોંગ્રેસ એન્ડ ગાંધી હેવ ડન ટુ ધ અનટચેબલ્સ' અને 'પાકિસ્તાન ઓર ધ પાર્ટિશન ઓફ પાકિસ્તાન' એ બંને ગ્રંથોને વિકૃત કરીને આજે આંબેડકરને પોતીકા ગણનારાઓ સંદર્ભ વિનાની વાતો રજૂ કર્યા કરે છે. આંબેડકર કોંગ્રેસ અને ગાંધીજીના ટીકાકાર હતા એ વાત સાચી, પણ આ ગ્રંથ લખાયો ત્યારે દેશમાં ત્રણ જ મુખ્ય પક્ષ હતા: કોંગ્રેસ, મુસ્લિમ લીગ અને હિન્દુ મહાસભા. એ વેળા પાકિસ્તાનની આગ્રહી મુસ્લિમ લીગ મુસ્લિમોની પાર્ટી હોવાની વકીલાત કરતી હતી. કોંગ્રેસ હિન્દુઓની પાર્ટી ગણાતી હતી. હિન્દુ મહાસભા બ્રિટિશરોના ખોળામાં બેઠેલી હતી.

ઇતિહાસને બહુ છેડવા જતાં ઘણી વાર કડવી વાતો વર્તમાનમાં નવા ઘા તાજા કરે છે. આંબેડકરને માટેની રાજકીય ઝૂંટાઝૂંટમાંથી આવી જ સ્થિતિ સર્જાવાની શક્યતા રહે છે. ઇતિહાસનાં વિકૃત આકલનો પણ આપણે ત્યાં જોવા મળે છે. 'ગુજરાતી વિશ્વકોશ' ડો. આંબેડકરને ૧૯૩૯-૪૦ દરમિયાન શીખ ધર્મ અંગીકાર કરાવે છે. હકીકતમાં ડો. આંબેડકરે ૧૯૩૫માં શીખ ધર્મ અંગીકાર કરવાના વિકલ્પનો વિચાર કર્યો હતો, પણ શીખ બન્યા નહોતા. તેમણે છેક ૧૪ ઓક્ટોબર ૧૯૫૬માં બૌદ્ધ ધર્મ અંગીકાર કરીને ભારતીય સંસ્કૃતિની નિકટ રહેવાનું પસંદ કર્યું હતું. એમની સામે હૈદરાબાદના શાસક નિઝામની ઇસ્લામ કબૂલવા માટેની લોભામણી ઓફર હતી છતાં એમણે એને ઠુકરાવી હતી. એમના આ નિર્ણય થકી બાબાસાહેબ સંઘી-જનસંઘી-ભાજપી થઈ ગયા એવું માનવાને પણ કોઈ કારણ નથી. સંઘ પરિવાર સામાજિક સમરસતાના અભિપ્રાયને આગળ વધારવાનો પ્રયાસ કરે એ આવકાર્ય છે. જોકે એમને એ માટે એક 'આઇકન' તરીકે ડો. આંબેડકરના વ્યક્તિત્વ કે તસવીરોની જરૂર પડે છે. આ બાબત ઇતિહાસને પોતાની રીતે વળાંકો આપવાની કોશિશ માત્ર જ છે. ધર્માંતર પછી તેઓ વધુ જીવ્યા હોત તો નોખો ઇતિહાસ રચાત. પણ ૬ ડિસેમ્બર ૧૯૫૬ના રોજ જ એમણે આ ફાની દુનિયા છોડી દીધી હતી.

ડો. આંબેડકરનું સ્વપ્ન હતું: 'મને સ્વરાજ નહીં મળે તો ચાલશે. મારે મારા બંધુઓની સ્વતંત્રતા અને ઉત્થાન જોઈએ.' ભારતીય મજદૂર સંઘના સંસ્થાપક દત્તોપંત ઠેંગડીએ 'સંકેતરેખા'માં નોંધેલો સંવાદ ખૂબ મહત્ત્વનો છે : 'બાબાસાહેબ દેશની પ્રથમ ચૂંટણી પહેલાં નાગપુર આવ્યા હતા. એમને પ્રશ્ન કરવામાં આવ્યો : 'આપે કહ્યું છે કે, શિડયૂલ્ડ કાસ્ટ ફેડરેશન માત્ર વિરોધ પક્ષની ભૂમિકા ભજવવા માટે ચૂંટણી લડતું નથી, પણ સરકાર બનાવવાની આકાંક્ષા ધરાવે છે. એવું હોય તો તમે કહી શકશો કે, કેટલાં વર્ષમાં આ શક્ય બનશે?' બાબાસાહેબનો ઉત્તર હતો: 'આ પ્રશ્ન તમે કોઈ જ્યોતિષીને પૂછી શકો એ જ યોગ્ય ગણાય.' 'છતાં પણ?' ડો. આંબેડકરનો ઉત્તર હતો: 'આપ જરા ઇંગ્લેન્ડના ઇતિહાસ ભણી નજર કરો. ત્યાં બ્રિટિશ લેબર પાર્ટીની સ્થાપના ક્યારે થઈ અને એના કેટલા દિવસ પછી ક્યા વર્ષમાં એનું પ્રધાનમંડળ રચાયું હતું?' ૧૯૦૬માં લેબર પાર્ટી સ્થપાઈ અને ૧૯૨૪માં એની સરકાર રચાઈ હતી. જોકે આપણે ત્યાં આંબેડકરનું સ્વપ્ન હજુ અધૂરું જ છે.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

કોઈપણ વ્યક્તિ પર એકદમ વિશ્વાસ નહીં મૂકવો જોઈએ

હું રસ્તે રઝળતી વારતા
- અચના કમલેશ

આજકાલ અજાણ્યા માણસો દ્વારા કોઈને લૂંટી લેવાના કે છેડતી કરવાના કિસ્સા વધારે સાંભળવા મળે છે. આનું શું કારણ હોઈ શકે? આવા ઠગ, લુંટારા કે વિકૃત માનસ ધરાવતા લોકો ત્યારે જ તમને છેતરી શકશે કે જ્યારે તમે તેમના પર વિશ્વાસ મૂકશો. આવા લોકો સૌથી પહેલા ભોળી લાગતી વ્યક્તિને શોધીને તેનો વિશ્વાસ જીતશે. ત્યારબાદ ધીરે ધીરે પોતાની વાણીથી સામેવાળાને ઈમ્પ્રેસ કરીનવે છેતરશે. મોટાભાગે મુસાફરીમાં આવા કિસ્સા વધારે જોવામાં આવે છે અને તેમાં પણ સ્ત્રીઓને છેતરવાના કિસ્સા પુરુષોના પ્રમાણમાં વધારે જોવા મળે છે. કેમ કે પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે લાગણીશીલ અને ભોળી હોય છે. આથી તે સામેવાળા પર જલ્દીથી વિશ્વાસ મૂકી દે છે.

લાલચમાં સપડાઈને લૂંટાઈ જવાવાળા પણ ઓછા નથી. આવા લોકોને છેતરવા માટે વારંવાર એકના ડબલ કે ત્રણ ગણા કરી આપવાની લોભાવનારી સ્કીમો આવતી જ હોય છે. સોનાના દાગીના ધોઈને પોલીસ કરવાના બહાને દાગીના લઈને ફરાર થઈ જતા ઠગ, નકલી પોલીસ બનીને રસ્તામાં સ્ત્રીઓના દાગીના ઉતરાવીને લૂંટી લેતાં બદમાશો, ટ્રેનમાં પ્રસાદ ખવડાવીને લૂંટી લેતી ટોળકીઓ તો હવે સામાન્ય થઈ ગઈ છે. છાપામાં આવા સમાચાર અવારનવાર છપાતા હોવા છતાં લોકો છેતરાતા હોય છે. કેમ કે તેમની આંખો પર લાલચની પટ્ટી બંધાયેલી હોય છે. આંખોથી અંધ હોય તે ખાડામાં પડે તો એને બચાવી શકાય પણ લાલચથી અંધ બનેલા લોકો જાણી જોઈને